**-:: આંક-૪ લગત હુકમ ::-**

**૧.** અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. એપેલેન્ટ તથા રીસ્પોન્ડન્ટના વિ.વ.શ્રીને સાંભળ્યા. હાલની અરજી એપેલેન્ટ/આરોપીને હળવદના એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે ફોજદારી કેસ નં. ૧૦૩૧/૨૦૨૫ ના કામે તા. ૨૮-૧૧-૨૦૨૫ ના રોજ તકસીરવાન ઠરાવી સજા અને દંડ બાબતે કરેલ હુકમ આ અપીલના આખરી નિર્ણય સુધી મોકુફ રાખવા અને તે દરમ્યાન એપેલેન્ટને જામીન પર મુકત કરવા હુકમ ફરમાવવા આપેલ છે. ટ્રાયલ કોર્ટે આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની કેદની સજા ભોગવવાનો તથા રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) દંડની સજા ફરમાવવાનો અને દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવનાનો અને દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈપણ મીલકત હોય તેના ઉપરથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીવકર કરાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ. વધુમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૫૭(૧) મુજબ આરોપીને કરેલ દંડમાંથી ફરીયાદીને વળતર તરીકે રૂ. ૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા-૨૦૯ મુજબ ચુકવી આપવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

**૨.** એપેલેન્ટના વિ. વ. શ્રી એસ.ડી.કણઝારીયા ની દલીલ છે કે, અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય અને તેઓની અપીલ મંજુર થાય તેવી પુરી શક્યતા હોય જેથી અપીલના આખરી નિકાલ સુધી ટ્રાયલ કોર્ટના હુકમને સ્ટે કરવા અને એપેલેન્ટને જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, એપેલેન્ટ પોતાના પરીવાર સાથે મોરબી મુકામે રહે છે. એપેલેન્ટ કયાંય નાશી ભાગી જાય તેમ નથી કે એપેલન્ટ સમાજને અસરકર્તા કોઇ ગુનો કરેલ નથી અને કેસ ચાલતા દરમ્યાન હાજર પણ રહે છે. જેથી કયાય નાસી ભાગી જાય તેમ નથી તેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી છે.

**૩.** રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તરફે આ કામના એપેલેન્ટ દ્વારા નામદાર કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તે અપીલના કામે એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટસ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ છે. જેથી સદર અપીલના કામે ૨૦% રકમ એપેલેન્ટ દ્વારા ભરવામાં નહિ આવે કે જમા કરાવવામાં આવે નહિ તો વાંધો તકરાર ન હોવા અંગેની પુરસીસ રજુ રાખેલ છે. તે જ રીતે રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તરફે સદરહુ અપીલના કામે એપેલેન્ટ અને રીસ્પોન્ડન્ટસ બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ છે. તેથી નામ. કોર્ટ દ્વારા એપેલેન્ટને સ્ટે આપવામાં આવે તો વાંધો તકરાર ન હોવાની તથા એપેલેન્ટની સ્ટેની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો તકરાર ન હોવા અંગેની પુરસીસ રજુ રાખેલ છે.

**૪.** હાલના કામનું રેકર્ડ જોઈએ તો એ હકીકત ફલીત થાય છે કે, હળવદના એડી. ચીફ જયુડીશ્યલ કોર્ટે તા. ૨૮-૧૧-૨૦૨૫ ના રોજ એપેલેન્ટ/આરોપીને કિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની કેદની સજા ભોગવવાનો તથા રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) દંડની સજા ફરમાવવાનો અને દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવનાનો અને દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈપણ મીલકત હોય તેના ઉપરથી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીવકર કરાવવાનો હુકમ ફરમાવવામાં આવેલ. વધુમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૫૭(૧) મુજબ આરોપીને કરેલ દંડમાંથી ફરીયાદીને વળતર તરીકે રૂ. ૪,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા-૨૦૯ મુજબ ચુકવી આપવાનો હુકમ કરેલ છે. વધુમાં એપેલેન્ટ/આરોપી મોરબી શહેરના રહેવાસી હોય અને મુદતે હાજર રહેવાની ખાતરી આપેલ છે. આમ, આવા સંજોગોમાં આ અદાલતના મત મુજબ આ અપીલ હજુ નવી દાખલ થયેલ છે અને બન્ને પક્ષે દલીલ સાંભળ્યા બાદ દલીલનો આખરી નિર્ણય કરવાનો રહે છે તેથી હાલ પુરતા એપેલેન્ટ/આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુક્ત કરવા જરૂરી છે. આથી

આ કામે ન્યાયના હીતમા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.** હળવદના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નાઓએ ફોજદારી કેસ નં. ૧૦૩૧/૨૦૨૫ ના કામે એપેલેન્ટ/આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુના સબબ તા. ૨૮-૧૧-૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આ અપીલનો આખરી નિર્ણય થતા સુધી સ્થગીત કરવામાં આવે છે. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ મુજબ વળતરની રકમ રૂ. ૪,૦૦,૦૦૦ ના ૨૦% રકમ આ હુકમ થયેથી દિન-૬૦ માં નાઝરશ્રી, જીલ્લા ન્યાયાલય મોરબી સમક્ષ જમા કરાવવા આદેશ આપવામાં આવે છે અને એપેલન્ટ/આરોપીને રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા કરી આપ્યેથી નીચેની શરતોને આધીન હાલની અરજી મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

**૧.** અપીલની સુનાવણી દરમ્યાન એપેલેન્ટ/આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેવુ.

**૨.** અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર એપેલેન્ટ/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહિ.

**૩.** રીસ્પોન્ડન્ટ/ફરીયાદીપક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ આપવી નહી. એપેલન્ટ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

**૪.** એપેલેન્ટ/આરોપી જો ૨૦% રકમ ભરવામાં કસુર કરે અથવા શરતોનું પાલન કરવામાં ચૂક કરે તો તેઓને આપવામાં આવેલ આ જામીન આપોઆપ રદ ગણવાના રહેશે.

- એપેલન્ટ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.
- હુકમની યાદી જામીન સ્વીકાર્યેથી ટ્રાયલ કોર્ટને પાઠવવી.

ઈ.ચા. સેશન્સ જજ, મોરબી

– આ હુકમની ખરી નકલ ટ્રાયલ કોર્ટને મોકલી.

આ હુકમ આજરોજ તારીખ : ૨૨, માહે : જાન્યુઆરી, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મોરબી.
તારીખ : ૨૨/૦૧/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
I/C સત્ર ન્યાયધીશ, મોરબી
કોડ નં. જીજે૦૦૭૩૯

NDB